||ૐ શ્રી સાઈરામ ||

॥ ૐ શ્રી સાઈ ભરદ્વાજઋષિગોત્રાય નમ: ॥ (૨૧)

ભરદ્વાજ ઋષિના ગોત્રમાં જન્મ લેવાવાળા

શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

૨૩ મે ૧૯૬૦ ના રોજ (દિવસે) ત્યારે સર્વપ્રથમ ‘ હું સાઈબાબા ' છું, એવું બાબાએ પેદવેંકપ્પા રાજુને કહ્યું ત્યારે જ તેમણે પોતાનું ગોત્ર ભરદ્વાજ છે એમ સૂચિત કર્યું.

પરંતુ, આ વિશેની અધિક માહિતી તેમણે ૧૯૬૩ ની ગુરુપૂર્ણિમાને દિવસે આપી, તે દિવસના પ્રવચનમાં બાબા બોલ્યા કે – ‘ ‘ મેં ભરદ્વાજઋષિના ગોત્રમાં જન્મ લેવાનું કારણ ભગવાન શિવે ભરદ્વાજઋષિને આપેલું વરદાન છે!"

ભરદ્વાજઋષિએ એક યજ્ઞ કરવાનું નક્કી કર્યું હતું. એનુ નિમંત્રણ શિવ અને પાર્વતીને આપવા માટે તે કૈલાસ પર્વત ઉપર ગયા હતા. તે વખતે શિવ પાર્વતી નૃત્ય કરતા હતા. તે નૃત્યમાં એટલા મગ્ન થયા હતા કે તેમણે ઋષિ તરફ જોયું પણ નહીં. એમ જ સાત દિવસ પસાર થઈ ગયા. તે વખતે ત્રષિને કેવળ શિવદર્શન થતું હતું. શક્તિમાતા દેખાતા નહોતા. આઠમા દિવસે જ્યારે તેમને માતા પાર્વતીના દર્શન થયા, ત્યારે માતા પાર્વતીએ ઋષિ તરફ કેવળ એક નજર નાખી, સ્મિત કર્યું અને પાછા શિવ-પાર્વતી નૃત્યમાં મગ્ન થઈ ગયા.

આ જોઇને ઋષિને ખૂબ દુ: ખ થયું. તેમને એવું લાગ્યું કે માતા પાર્વતીએ તેમની અવહેલના કરી છે, એટલે તે કૈલાસ પરથી પાછા આવવા નીકળ્યા, પરંતુ સતત આઠ દિવસ બરફમાં ઊભા રહેવાથી તેમનો ડાબો પગ જકડાઈ ગયો હતો. તેમજ તેમને ડાબી આંખથી દેખાવાનું બંધ થઈ ગયું. તેથી તે નીચે પડયા અને તેનો મોટો અવાજ થયો. એ અવાજથી શિવ-પાર્વતીનું નૃત્ય થંભ્યું. ભગવાન શિવે ત્યારે ઋષિ તરફ જોયું ત્યારે તે તેમની પાસે ગયા અને તેમના કમંડલમાંથી થોડું જળ લઇને તેમણે તે ત્રષિ ઉપર છાંટીને તેમને પૂર્વવત્ કર્યા, જ્યારે ઋષિ ભાનમાં આવ્યા, ત્યારે પરમશિવે તેમને કહ્યું-" શક્તિ માતાએ એક નજર નાખી ને જ્યારે સ્મિત કર્યું, તે આપના યજ્ઞ માટેના આશીર્વાદ હતા. અમે બંને તમારા (આપના) યજ્ઞમાં ઉપસ્થિત રહીશું."

જ્યારે ભરદ્વાજ ઋષિઓ યજ્ઞ કર્યો, ત્યારે યજ્ઞની પુર્ણાહુતી (સમાપ્તિ) વખતે શિવ - શક્તિ પ્રગટ થયા અને તેમણે ભરદ્વાજ ઋષિને વર આપ્યો (વરદાન આપ્યું) - તમારા ગોત્રમાં અમે ત્રણ

વખત મનુષ્ય રૂપે જન્મ લઈશું, પ્રથમ અવતાર શિવ- અવતાર હશે જે 'શિરડી સાઈ' ના નામે પ્રસિદ્ધ થશે. દ્વિતીય અવતાર શિવ શક્તિ અવતાર હશે જે 'શ્રી સત્યસાઈ' ના નામે ઓળખાશે. અને તૃતીય અવતાર શક્તિ અવતાર હશે જે 'પ્રેમ સાઇ' તરીકે ભજાશે."

એટલું જ નહીં, પણ પરમ શિવ આગળ બોલ્યા- " તમને જે લાગ્યું હતું કે શક્તિ માતાએ આઠ દિવસ તમારી ઉપેક્ષા કરી હતી. તેથી શિવ - શક્તિ અવતારમાં શક્તિને કષ્ટ થશે, જે 'હું' શિવ જળ છાંટીને દૂર કરીશ. જેવી રીતે કૈલાસ ઉપર જ છાંટીને તમને સારા કર્યા તેવી જ રીતે."

ભરદ્વાજ ઋષિને જેવી રીતે શિવ-શક્તિના દર્શન થયા, તેવી જ રીતે ઘણા ભક્તોને સ્વામીએ શિવ-શક્તિના રૂપમાં દર્શન આપ્યા છે. વિશેષતઃ નવરાત્રીમાં જ્યારે સ્વામીની રથયાત્રા નીકળતી હતી, ત્યારે શિવ-શક્તિના રૂપમાં દર્શન મળ્યાનું તે વખતના ઘણા ભક્તો આજે પણ કહે છે

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||